# ભારતીય શિક્ષણ નીતિઓના સંદર્ભમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ( પ્રજ્ઞા ) અભિગમ

**પન્નાબેન એન. પટેલ**
લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઇ, જિ. ડાંગ
મો :8980440742, E-Mail. haiviru@yahoo.co.in
**ડો. કિશોરભાઈ નાયક**
આચાર્ય, શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા

દેશના સમગ્ર વિકાસમાં શિક્ષણનો ફાળો અતિ મહત્વનો છે. દેશનો પ્રત્યેક નાગરિક સુસંસ્કારી, સુશિક્ષિત હોય તો જ સમગ્ર દેશ વિકાસની દોડમાં પોતાનુ સ્થાન વિશ્વસ્તરે સુનિશ્ચિત કરી શકે. દેશને આઝાદી મળી તે પહેલા પણ શિક્ષણનો પ્રશ્ન હંમેશા ધ્યાનાકર્ષક જ રહ્યો હતો અને આઝાદી મળ્યા બાદ પણ શિક્ષણનો પ્રશ્ન હંમેશા ધ્યાનાકર્ષક જ રહ્યો છે. દેશને આઝાદી મળ્યા બાદ ઈ.સ. 1950 માં ભારતનું બંધારણ અમાલમાં આવ્યું ત્યારે ભારતના બંધારણની કલમ – 45 માં એવું નક્કી કરવામાં આવ્યું કે આવનારા દસ વર્ષના સમયગાળામાં 6 થી 14 વષની ઉંમર સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પૂરું પાડવામાં આવશે.

શિક્ષણના સાર્વત્રીકરણ અને ગુણવત્તાલક્ષી ધ્યેયને સિધ્ધ કરવા માટે વિવિધ શિક્ષણ કમિશનો, વિવિધ શિક્ષણ પંચો તથા વિવિધ શિક્ષણ નીતિઓની સમયાંતરે રચના કરવામાં આવી.ઈ.સ. 1948 માં યુનિવર્સિટી શિક્ષણ માટેના ડો. રાધાકૃષ્ણન પંચ અને ઈ.સ.1952માં મુદ્દાલિયર શિક્ષણ પંચની રચના થઈ. ત્યારબાદ ઈ.સ.1964ના કોઠારી કમિશનના રિપોર્ટ પરથી ઈ.સ.1968 માં સર્વગ્રાહી શિક્ષણનીતિ અસ્તિત્વમાં આવી હતી. તેના પોણા બે દાયકા બાદ 1986 માં નવી રાષ્ટ્રીય નીતિ ઘડવામાં આવી હતી. ઈ.સ. 1990 માં આચાર્ય રામમૂર્તિ અને ડો. યશપાલ કમિટિએ 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિની સમીક્ષા કરી હતી, ત્યારબાદ ત્રણ દાયકા બાદએટલે કે 34 વર્ષ બાદ રાષ્ટ્રીય શિક્ષણનીતિ – 2020 અમલમાં આવી.

**ભારતીય શિક્ષણ નીતિઓના સંદર્ભમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ( પ્રજ્ઞા )અભિગમ**

આઝાદી બાદ સમયાંતરે શિક્ષણના સાર્વત્રીકરણ અને ગુણવત્તાલક્ષી ધ્યેયને સિદ્ધ કરવા માટે ઘડવામાં આવેલ વિવિધ શિક્ષણનીતિઓ તથા રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખામાં દર્શાવેલ શિક્ષણની પાયાની બાબતો આજના પ્રવર્તમાન શિક્ષણમાં જો જોવા મળતી હોય તો તે છે પ્રાથમિક શિક્ષણમાં અમલી પ્રવૃત્તિ દ્વારા શિક્ષણનો પ્રજ્ઞા અભિગમ. આ અભિગમ વિવિધ શિક્ષણનીતિ તથા રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાની પાયાની બાબતોને સિધ્ધ કરનારો છે.

**1986 ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની મુખ્ય બાબતો**

- ❖ જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલા તમામ સ્તરે તમામ વિદ્યાર્થીઓને સમાન ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવું.
- ❖ શિક્ષણના દરેક તબક્કે અધ્યયનના નિમ્ન સ્તરની નિશ્ચિતતા
- ❖ બાળકેન્દ્રી અભિગમ અપનાવવો.
- ❖ તરંગ ઉલ્લાસમય, પ્રેમ અને હૂંફભર્યા વાતાવરણનું નિર્માણ કરવું.
- ❖ પ્રવૃત્તિલક્ષી પધ્ધતિઓ દ્વારા કૌશલ્યો કેળવવા.
- ❖ વિષયવસ્તુ અને શિક્ષણપધ્ધતિમાં સુધારો કરવો.

**રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા ( NCF ) – 2005 ની મુખ્ય બાબતો**

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ( NCERT ) ની કાર્યવાહક સમિતિએ જુલાઇ – 2004 ની બેઠકમાં નિર્ણય લીધો કે અભ્યાસક્રમના માળખાનું પુન :ગઠન કરવામાં આવે. પ્રો. યશપાલની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય સંચાલન સમિતિ રચવામાં આવી.

National Curricuiam Framework – 2005 ની મુખ્ય બાબતો

- ❖ જ્ઞાનને શાળા બહારના જીવન સાથે જોડવુ.
- ❖ નિશ્ચિત કરવું કે શિક્ષણ ગોખણપધ્ધતિ આધારિત પધ્ધત્તિઓનો ત્યાગ કરે.
- ❖ અભ્યાસક્રમને એવી રીતે સમૃધ્ધ કરવો કે તે પાઠ્યપુસ્તકથી વધારે આગળ જઇ શકે.
- ❖ પરીક્ષાઓને વધારે લચીલી બનાવવી અને તેમને કક્ષાની ગતિવિધિઓ સાથે જોડવી.
- ❖ વિવિધ વિષયો વચ્ચેની દિવાલો એવી રીતે નીચી કરવામાં આવે કે બાળક જ્ઞાનનો સમગ્ર આસ્વાદ માણી શકે.
- ❖ ત્રિભાષા ફોર્મ્યુલાને લાગુ કરવાની નવી કોશિશ કરવી એટલે કે તેમાં આદિવાસી ભાષા, માતૃભાષા અને અંગ્રેજી ભાષાને પણ સ્થાન આપવું.

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ની મુખ્ય બાબતો**

- ❖ ડો. કે. કસ્તૂરીરંગનના અધ્યક્ષસ્થાને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ની રજૂઆત કરવામાં આવી.
- ❖ તા. 29 જુલાઇ, 2020ના રોજ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં મંજૂરી પ્રાપ્ત થઇ.
- ❖ 34 વર્ષ બાદ શિક્ષણની નીતિમાં બદલાવ લાવવાનો પ્રયત્ન.
- ❖ આ નીતિમાં 5+3+3+4 નું શિક્ષણનું માળખું સૂચવ્યું છે.જેમાં 3 થી 6 વર્ષના બાળકો માટે બાળવાટિકા/ પૂર્વ પ્રાથમિક શિક્ષણ, 6 થી 8 વર્ષના બાળકો માટે ધોરણ – 1 અને 2, 8 થી 11 વર્ષના બાળકો માટે ધોરણ 3 થી 5, 11 થી 14 વર્ષના બાળકો માટે ધોરણ – 6 થી 8 અને 14 થી 18 વર્ષના બાળકો માટે ધોરણ 9 થી 12.
- ❖ આ નીતિમાં 3 થી 18 વર્ષના બાળકોને શિક્ષણનો અધિકાર આપવાની ભલામણ કરવામાં આવી છે.

- ❖ પાયાનો તબક્કો (Foundational stage) (5) – બહુસ્તરિય, રમત/પ્રવૃત્તિ આધારિત અધ્યયન કરવવામાં આવશે.
- ❖ પ્રારંભિત તબક્કો (Preparatory Stage) (3) – રમત, શોધખોળ તેમજ પ્રવૃત્તિ આધારિત અને ઈન્ટરેક્ટિવ વર્ગખંડ અધ્યયન
- ❖ લિપિ, ભાષાઓ, સંખ્યાઓ, ગણન, રંગો, આકારો, વર્ગખંડમાં તેમજ તેની બહારની રમતો, કોયડાઓનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત, તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, ચિત્રકામ, અને અન્ય કળાઓનો પણ સમાવેશ કરવામાં આવશે.
- ❖ NCERT દ્વારા ધોરણ 1 ના તમામ બાળકો માટે 3 માસનું પ્રવૃત્તિ આધારિત શાળા તત્પરતા મોડ્યુલ તૈયાર કરવામાં આવશે.
- ❖ પ્રારંભિક શિક્ષણ દરમિયાન બાળકો માટે નીચેની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે –
  - ✓ જીજ્ઞાસા વિકસાવવી.
  - ✓ તાર્કિક ચિંતન અને સમસ્યા ઉકેલનો વિકાસ કરવો.
  - ✓ વિવિધ કળાઓ અને સંગીતમાં રસ રૂચિ વિકસાવવા.
  - ✓ કુદરતા સાથે સંબંધ બાંધવો.
  - ✓ રંગો, આકારો, લિપિ તેમજ સંખ્યાઓની ઓળખ કરાવવી.
  - ✓ જૂથકાર્ય અને સંકલન કૌશલ્ય વિકસાવવું.
  - ✓ રમત, પ્રવૃત્તિ તેમજ શોધખોળ આધારિત અધ્યયન કરાવવું
  - ✓ નૈતિકતા, સ્વ–ઓળખ, શિષ્ટાચાર, વર્તન અને સાંવેગિક વિકાસને મહત્ત્વ આપવું.
- ❖ અનુભવજન્ય અધ્યયન – અનુભવજન્ય અધ્યયન તેમજ વિદ્યાર્થીઓનું ઊંડાણપૂર્વકના અધ્યયન માટે આનંદદાયી, સર્જનાત્મક, સંકલિત અને શોધખોળ આધારિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે.
- ❖ ગોખણપટ્ટી દૂર કરી કૌશલ્ય આધારિત અધ્યયનને પ્રોત્સાહન આપતા અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્રમાં વર્ષ 2022 સુધીમાં પરિવર્તન લાવવામાં આવશે.
- ❖ અભ્યાસક્રમમાં જરૂરી સુધારા કરી પાઠ્યપુસ્તકો તેમજ દફ્તરનો ભાર હળવો કરવામાં આવશે.
- ❖ પ્રત્યેક બાળકની અધ્યયન સિદ્ધિઓની સતત ચકાસણી.
- ❖ પ્રગતિકાર્ડમાં બાળક દ્વારા કરવામાં આવેલ પ્રોજેક્ટ તથા શોધ આધારિત અધ્યયન, સ્પર્ધાઓ, રોલ–પ્લે, જૂથકાર્ય તેમજ પોર્ટફોલિયો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.
- ❖ Medium of Instruction – ધોરણ 5 સુધી, (પ્રાધાન્ય રીતે ધોરણ 8 સુધી તેમજ આગળ,) અભ્યાસની ભાષા તરીકે ઘરની ભાષા /માતૃભાષા/ સ્થાનિક ભાષા રહેશે.
- ❖ CWSN બાળકોને પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સામાન્ય શાળાઓમાં જ શિક્ષણ આપવામાં આવશે.

**ભારતીય શિક્ષણ નીતિઓના સંદર્ભમાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ ( પ્રજ્ઞા ) અભિગમ**

વિવિધ શિક્ષણ નીતિઓ તથા રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા ( NCF ) – 2005 માં જે બાબતો સૂચવવામાં આવેલ છે તેમાંની મોટાભાગની બાબતો ગુજરાત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં જૂન – 2010 થી અમલી પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન ( પ્રજ્ઞા ) અભિગમમાં સાકાર થતી જોવા મળે છે.

**પ્રજ્ઞા અભિગમમાં સમાવિષ્ટ મુખ્ય બાબતો :**

- પ્રજ્ઞા એ પ્રવૃતિ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાનો અભિગમ છે.
- આ અભિગમમાં બાળક પ્રવૃતિના માધ્યમથી શીખે છે.
- આ અભિગમમાં બાળકો ભાર વગર પ્રવૃતિ દ્વારા શિક્ષણ મેળવે છે.
- પ્રજ્ઞા અભિગમ પરંપરાગત શિક્ષણ પધ્ધતિથી તદ્દન ભિન્ન છે. અહિં વર્ગખંડ છે પણ પાટ્લીઓ નથી.
- વિદ્યાર્થીઓને જૂથ આધારિત શિક્ષણ આપવામાં આવે છે.
- બાળકોને પોતાની ગતિ મુજબ શિક્ષણ મેળવવાની તક મળે છે.
- બાળકો એકબીજાની સહાયથી શિક્ષણ મેળવે છે.
- વિદ્યાર્થીઓ પોતાના કાર્યનું તથા પધ્ધતિઓનું સ્વ મૂલ્યાંકન કરી શકે છે.
- બાળકની પ્રત્યેક તબક્કે થતી પ્રગતિથી વાલી, શિક્ષક અને વિદ્યાર્થી માહિતગાર રહે છે.
- વિદ્યાર્થીઓ બહુસ્તરીય શિક્ષણ માટેની સામગ્રી નિર્માણ કરે તથા તેનો ઉપયોગ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે.
- વિશેષ જરૂરિયાતવાળા બાળકોને પૂરતો સમય અને તક મળે છે.
- વિવિધ સ્તરના બાળકોને શીખવા માટેની સમાન તક મળે છે.

આમ વિવિધ શિક્ષણ નીતિઓ તથા રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખા ( NCF ) – 2005 માં સૂચવવામાં આવેલ બાબતોને સાકાર કરનાર પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન – પ્રજ્ઞા અભિગમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – 2020 ના પરિપેક્ષ્યમાં શિક્ષણના સાર્વત્રીકરણના ધ્યેયને સિધ્ધ કરવામાં ઉપયોગી બનશે. આ અભિગમ દ્વારા વિદ્યાર્થીઓ સાચા અર્થમાં જીવનલક્ષી શિક્ષણ મેળવે છે. આ અભિગમ થકી વિદ્યાર્થીઓનો માત્ર વૈયક્તિક જ નહિ પરંતુ સામાજિક વિકાસ પણ થશે, જેથી કરીને વિદ્યાર્થીઓ નું ઉજ્જવળ ભવિષ્ય તૈયાર થશે અને તેઓ વિશ્વ સાથે કદમ મિલાવીને જીવન જીવી શકશે.

---

**રાહ તમે જોઈ શકો છો સમય નહિ...**

